**ક્રમાંક–૯**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**મંગળવાર, તા.૧૫મી માર્ચ, ૨૦૨૨**
**પહેલી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ સવારના ૧૦.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

ઉપરોક્ત વિષય પર સોમવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૨૨ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બળદેવજી ઠાકોર
(૨) શ્રી અરવિંદકુમાર પટેલ
(૩) શ્રી વિરજીભાઇ ઠુમર
(૪) શ્રી વાસણભાઇ આહિર
(૫) શ્રી મોહનસિંહ રાઠવા
(૬) શ્રી ગોવિંદભાઇ પટેલ
(૭) શ્રી લલીતભાઇ કગથરા
(૮) શ્રી સુરેશભાઇ પટેલ
(૯) શ્રી અમરીશભાઇ ડેર
(૧૦) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૧૧) શ્રી લાખાભાઇ ભરવાડ
(૧૨) શ્રી જગદીશભાઇ પટેલ
(૧૩) શ્રી રઘુભાઇ દેસાઇ
(૧૪) શ્રી શંભુજી ઠાકોર
(૧૫) શ્રી પી.ડી. વસાવા

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૬) શ્રી ભરતભાઇ પટેલ
(૧૭) શ્રી વજેસિંગભાઇ પણદા
(૧૮) શ્રી વિવેકભાઇ પટેલ
(૧૯) શ્રી મોહનભાઇ ઢોડીયા
(૨૦) શ્રી નથાભાઇ પટેલ
(૨૧) શ્રી કેતનભાઇ ઇનામદાર
(૨૨) શ્રી રમેશભાઇ કટારા
(૨૩) શ્રી નૌશાદ સોલંકી
(૨૪) શ્રી વિજયભાઇ પટેલ
(૨૫) શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા
(૨૬) શ્રી લલિતભાઇ વસોયા
(૨૭) શ્રી જે.વી. કાકડિયા
(૨૮) શ્રી જગદીશ વિશ્વકર્મા (રા.ક.ના ઉદ્યોગ મંત્રીશ્રી)

**સભાગૃહ, બીજી બેઠક માટે બપોરના ૩.૩૦ વાગ્યે**
**ફરી મળવા માટે બપોરના ૨.૩૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**બીજી બેઠક**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષપદે**
**સભાગૃહ બપોરના ૩.૩૦ વાગ્યે ફરી મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧ અને ૨ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા. ત્યારબાદ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્ન અગ્રતાક્રમ–૩ની ચર્ચા હાથ ધરવામાં આવી.

**૨. સભાત્યાગ**

સભ્યશ્રી શૈલેષ પરમારના પેટા પ્રશ્નનો માનનીય રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ જવાબ આપી રહ્યા હતા. તેમના જવાબથી સભાગૃહમાં ઉપસ્થિત વિપક્ષના નેતાશ્રી સહિત સૌ સભ્યોએ અસંતોષ વ્યક્ત કર્યો અને સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા. (સાંજના ૪.૧૭)

**૩. તારાંકિત પ્રશ્નોત્તરી(ક્રમશઃ)**

ત્યારબાદ અગ્રતા પ્રશ્ન ક્રમાંક– ૩ની અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ત્યારબાદ અગ્રતા પ્રશ્ન ક્રમાંક–૪ અને ૫ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૬ થી ૨૪૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય સાંજના ૪.૩૦ વાગ્યે પૂરો થયો.**

**૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

સભ્યશ્રી બળદેવજી ઠાકોરે નિયમ-૧૧૬ અન્વયે '' તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના કલોલમાં પાણીજન્ય રોગચાળો ફાટી નીકળતા છેલ્લાં બે-ત્રણ દિવસથી ઝાડા-ઉલ્ટીના કેસો સતત વધી રહ્યા છે અને મૃત્યુ પણ નોંધાયેલ છે, જેના કારણે લોકોમાં ભય ફેલાયેલ છે, ત્યારે મૃતકોના પરિવારને સહાય ચૂકવવા અને રોગચાળાને કાબૂમાં લાવવા'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રી શ્રીમતી નિમિષાબેન સુથારે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત**

**(૧) અંદાજ સમિતિના પાંચમા અને છઠ્ઠા અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિના સભ્યશ્રી શંભુજી ઠાકોરે સમિતિનો પાંચમો અને છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

**(૨) બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી ઝંખનાબેન પટેલે સમિતિનો સોળમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૬. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખ શ્રીમતી ઝંખનાબેન પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના
સોળમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૭. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

ઉપર્યુક્ત વિષય પર પહેલી બેઠકમાં અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧)શ્રી શૈલેષ પરમાર
(૨) શ્રી શૈલેષભાઇ મહેતા
(૩) ડો. સી. જે. ચાવડા
(૪) શ્રી વી.ડી. ઝાલાવાડીયા
(૫) શ્રી જીગ્નેશકુમાર મેવાણી
(૬) શ્રી વિક્રમભાઇ માડમ (પ્રવચન અધૂરું)

**(વિરામ સાંજના ૫.૩૦થી ૬.૦૦)**

વિરામ બાદ સભ્યશ્રી વિક્રમભાઇ માડમે વિરામ પહેલાનું તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું અને નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૭) શ્રી દુષ્યંતભાઇ પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી)
(૮) શ્રી રાજેન્દ્રસિંહ પરમાર
(૯) શ્રી કુંવરજીભાઇ બાવળીયા
(૧૦) શ્રી સુનિલભાઇ ગામીત
(૧૧) શ્રી અરવિંદભાઇ છો. પટેલ
(૧૨) શ્રી અનંતકુમાર પટેલ

**૮. પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

સભ્યશ્રી અનંતકુમાર પટેલે તેમના પ્રવચન દરમિયાન કરેલ ઉચ્ચારણો અંગે માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલે અને માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઇ પટેલે ક્લેરિફિકેશન કર્યું. માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રીએ તેમના ક્લેરિફિકેશનમાં સભ્યશ્રી અનંતકુમાર પટેલ સંબંધે કરેલ ઉચ્ચારણો અંગે સભ્યશ્રી અનંતકુમાર પટેલ, શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા તથા અન્ય કેટલાક સભ્યો વેલમાં આવી ગયા. માનનીય અધ્યક્ષશ્રીએ ઉપસ્થિત બાબત અંગે રેકર્ડ તપાસીને સંબંધિતોને પોતાની ચેમ્બરમાં બોલાવીને ચર્ચા કરશે તેમ જણાવ્યું.

**૯. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)**

(૧૩) શ્રી અરવિંદભાઇ રાણા

**૧૦. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય નાયબ મુખ્ય દંડકશ્રી દુષ્યંતભાઇ પટેલે માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાની દરખાસ્ત કરી. જેને વિપક્ષના દંડક ડો. સી. જે. ચાવડાએ સમર્થન કર્યું. તદઅનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવવાની જાહેરાત કરી.

**૧૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૪) શ્રી હર્ષદકુમાર રીબડીયા
(૧૫) શ્રી રમણભાઇ પટેલ
(૧૬) શ્રી પ્રતાપભાઇ દુધાત
(૧૭) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૧૮) શ્રી કાંતિભાઇ પરમાર
(૧૯) શ્રી ઇશ્વરસિંહ પટેલ
(૨૦) શ્રી બાબુભાઇ વાજા

ત્યારબાદ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો જવાબ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

**સભાગૃહ, બુધવાર તા.૧૬મી માર્ચ, ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૮.૦૫ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૫મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**